ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC
BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા.૨૩/૯/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી .................................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૬મી સપ્ટેમ્બરને શનિવારના રોજ જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનનું આયોજન

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ પુરસ્કૃત (NCSC) નેટવર્ક હેઠળ સમગ્ર ભારતમાં છેલ્લા ૨૨ વર્ષથી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ પ્રોજેકટ કાર્યરત છે. આ વર્ષથી સમગ્ર ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ & ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ પ્રવૃતિનું સંચાલન થનાર છે. જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનનું આયોજન **તા.૨૬મી સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારના ૯:૩૦ થી ૩:૦૦ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, સરદારનગર** ભાવનગર ખાતે કરવામાં આવેલ છે.

આ પ્રવૃતિમાં જિલ્લાની ઉચ્ચ પ્રાથ. અને માધ્યમિક શાળાઓના ઉંમર વર્ષ ૧૦ થી ૧૪ (જુનિયર) અને ૧૪ થી ૧૭ (સિનીયર) સુધીના બે ગ્રુપમાં હવામાનની સમજ મેળવવી (Understanding Of Weather And Climate) થીમ અને છ પેટા વિષયોમાંથી આપની શાળાએ પસંદ કરેલ વિષય પર શાળાના ટીમના લિડર વિધાર્થીએ આઠ મિનિટ પ્રેઝન્ટેશન કરવાનું રહેશે. ત્યારબાદ નિર્ણાયક દ્વારા પ્રશ્નો પુછવામાં આવશે. જેનો સમય બે મિનિટનો રહેશે. પ્રોજેકટના પ્રેજન્ટેશન દરમિયાન મોડેલ, ચિત્રો, ચાર્ટ એવાં કોઈ શૈક્ષણિક સાધનનો ઉપયોગ કર્યો હોય તો તે વધુમાં વધુ પાંચ સાધન ચાર્ટ/ચિત્ર અથવા ચાર સ્લાઈડ પ્રોજેકટ સાથે રજૂ કરી શકશે.

આ જિલ્લા કક્ષાના બાળ વિજ્ઞાન સંમેલનના કાર્યક્રમમાં ભાગ લીધેલ શાળાએ શાળાના ભાગ લેનાર લિડર વિધાર્થી તથા માર્ગદર્શક શિક્ષકશ્રી સાથે ઉપરોક્ત સ્થળ અને તારીખે સવારે ૯ કલાકે પહોંચી, પોતાનું રજિસ્ટ્રેશન અચૂક કરાવી લેવું, વધુ માહિતિ માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, વિજ્ઞાન ભવન, પ્લોટ નં. ૨૨૦૬/૪ – એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંકની ગલી, હિલડ્રાઈવ, ભાવનગરનો સંપર્ક કરી શકશો.

પ્રી.પ્રી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર